ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં પુનઃ ઠંડી વધી

## પારાની સતત ચઢ-ઉતર : લઘુત્તમ તાપમાનમાં ગિરાવટ : પારો ૮.૬ ડિગ્રી



ગાંધીનગર તા ૭

શહેરમાં છેલ્લા ચાર દિવસથી ઠંડીએ જમાવટ કરી છે. ઠંડીના પારામાં સતત ચઢઉતર જોવા મળી રહી છે. અગાઉ ઠંડીનો પારો ૮ ડી ગ્રીએ પહોંચી જતા સમગ્ર રાજયમાં સૌથી ઠંડા શહેરની સાથે નગરમાં રેકર્ડ બ્રેક ઠંડી પણ નોંધાઈ હતી. જયારે ગઈકાલે ઠંડીમાં અંશત : રાહત અનુભવ્યા બાદ આજે નગરજનોએ ફરી ઠંડીના તીખા તેવરનો અનુભવ કર્યો હતો. લઘુત્તમ તાપમાન આજે ફરી બે ડીગ્રી ગગડીને ૮.૬ ડી ગ્રી નોંધાયુ હતુ.

ગાંધીનગરમાં આમ પણ ઠંડીની ઋતુનો મિજાજ અનોખો હોય છે. હરિયાળા નગરમાં કડાકેદાર ઠંડીના લીધે સન્નાટો છવાઈ જાય છે. છેલ્લા ચાર દિવસથી ઠંડીનો પારો ફરી ઉંચકાયો છે. ઠંડીના પારામાં સતત ચઢઉતર જોવા મળી રહી છે. ત્યારે બે દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૮ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાનમાં સતત થતા ફેરફારના લીધે ગઈકાલે ઠંડીનો પારો ૧૦.૨ ડી ગ્રી પહોંચી જતા નગરજનોએ ઠંડીમાં અંશત : રાહત અનુભવી હતી. જો કે આજે ફરી ઠંડીનો પારો ૮.૬ ડી ગ્રી સુધી ગગડયો હતો. જેના લીધે દિવસ દરમિયાન પણ નગરજનો ઠંડીનો અનુભવ કર્યો હતો. સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના માર્ગો પર સન્નાટો છવાઈ ગયો હતો. દિવસ દરમિયાન પણ શહેરીજનો ઠંડીથી બચવા માટે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે.

# ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટમાં ચેતન ભગતે હાર્દિક પટેલને બિરદાવ્યો

ગાંધીનગર, તા.૭

જય સરદારના નારા સાથે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે આયોજીત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટને સંબોધિત કરતાં ચેતન ભગતે જણાવ્યું હતું કે મેં ૩૦૦ ઈવેન્ટ કરી છે પણ તમારી આ ઈવેન્ટ જેવી નહીં. ભારત દેશમાં દરેક વ્યક્તિને ખબર છે કે પાટીદાર જ્ઞાતિ છે. હાર્દિક જે કરી રહ્યો છે તે સારુ કરી રહ્યો છે. તે પરિવર્તન લાવવાનો પ્રયાસ કરી રહ્યો છે અને પણ માત્ર ૨૪ વર્ષનો છે. પાટીદારો જ આટલી મોટી સમિટ યોજી શકે. પાટીદારો કશું જ નાનુ કરતા નથી. આંદોલન પણ કરે તે મોટા પ્રમાણમાં કરે છે.

ચેતન ભગતે કહ્યું હતું કે દેશમાં પારસીઓ એક લાખ પણ નથી પરંતુ ઉદ્યોગ અને વ્યવસાયમાં આગળ છે તેવી જ રીતે પાટીદારો પણ કંઈક કરી છુટવાની ઈચ્છા ધરાવે છે માટે આટલા આગળ વધ્યા છે. પરંતુ એટલુ યાદ રખજો કે સમાજમાં બે ભાગ ન પડવા જોઈએ. કારણ કે જો ભાગ પડશે તો એક ભાગને ભાજપ કે બીજાને કોંગ્રેસ ખેંચશે. તમે જુઓ અન્ના હજારેનું આંદોલન હતુ તેના દરેક વ્યક્તિ આજે કોઈને કોઈ જગ્યાએ સેટ થઇ ગયા છે. પરંતુ તેમાં રાજકારણ અને ખેંચતાણ ન હોવી જોઈએ. સરદાર વલ્લભાઈ પટેલે દેશને દરજીની જેમ સીવીને એક કર્યો છે. જો સરદાર ન હોત તો આજે સીરિયા કે લિબિયા જેવી હાલત હોત.

સફળતાનો મંત્ર આપતા ચેતન ભગતે જણાવ્યું હતું કે એવું કંઈક કરો કે તમારા ઓકાતથી વધુ કરી દેખાડો. મેં વિદ્યાર્થીકાળ ધોરણ ૧૦ બાદ એવુ વિચાર્યુ હતું કે ત્રણ-ચાર એસટીડી બુથ ખોલીશ. ત્યાર બાદ મેં વિચાર્યુ કે ના આવુ કામ




નથી કરવું. ત્યાર બાદ મેં વિચાર્યુ કે દેશમાં એવી કઇ કોલેજ છે જેમાં એડમિશન લેવું સૌથી મુશ્કેલ છે. તેથી મેં આઈઆઈટીમાં એડમિશન લેવાનું વિચાર્યુ અને તેના માટે બે વર્ષ મહેનત કરવી પડે છે. જો તમારે સફળ થવુ હોય તો ઓફાતથી વધુ કરીને બતાવવું પડે છે.

# જિલ્લામાં અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણ ઘટ્યા

ગાંધીનગર, તા. ૭

સપ્ટેમ્બર-૨૧૦૭ અંતિતના બીજા ત્રિમાસિક ગાળા દરમ્યાન જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં ૦.૦૫ ટકાનો સુધારો દેખાયો છે.

જિલ્લામાં જુનથી સપ્ટેમ્બર-૧૭ના ગાળા દરમ્યાન બેંકોની ડિપોઝીટમાં ૬૫૨ કરોડની વૃદ્ધિ થવા પામી છે. જ્યારે અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ૧૩.૩૯ ટકાનો ધિરાણમાં તે જોવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા ઝડપથી ધિરાણ મળી રહે તે જોવા માટે પણ કલેક્ટરે ખાસ આગ્રહ કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં ડીઝીટલ પેમેન્ટ સિસ્ટમ વધુ લોકાભિમુખ બને તે માટે પણ વિશેષ આગ્રહ કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા

● અનુસંધાન પાન-૭ પર

## સપ્ટે-૧૭ અંતિત બીજા ત્રિમાસીક ગાળામાં બેંકોની ડિપોઝીટ વધી : જિલ્લાના ક્રેડીટ ડિપોઝીટ રેસિયામાં માત્ર ૦.૦૫ ટકાનો સુધારો જ જણાયો : કૃષિક્ષેત્રે અને લઘુ મધ્યમ ઉદ્યોગોને ધિરાણ ઘટ્યું

જો કે જિલ્લામાં અગ્રતા ધરાવતા ક્ષેત્રોમાં ધિરાણ ઘટ્યા છે પરંતુ નેટ ધિરાણમાં ૪૧૪ કરોડનો વધારો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લા સ્તરીય સમીક્ષા સમિતિની જિલ્લા કલેક્ટર સતીષ પટેલના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ વિગતો બહાર આવી છે. ઘટાડો નોંધાયો છે. કૃષિક્ષેત્રના ધિરાણમાં ૧.૭૬ ટકાનો ઘટાડો તો ગરીબલક્ષી કલ્યાણ યોજનાઓમાં પણ ઘટાડો જોવા મળ્યો છે.

આ બેઠકમાં બેંક ઓફ બરોડા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, ઈન્ડુસિંડ બેંક અને લક્ષ્મી વિલાસ બેંકને પ્રાયોરીટી સેક્ટરમાં ધિરાણ વધે વીમા યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ યોજના અને ખાસ પેન્શન યોજનાની પણ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં સરકારના વિવિધ કલ્યાણલક્ષી ધિરાણ યોજનાઓમાં બેંકોને તેમનુ નકારાત્મક વલણ છોડી ધિરાણ યોજનાના લાભાર્થીઓને

## પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત સવાલાખ બેંક ખાતાઓ આધાર સાથે લીંક કરાયા

પ્રધાનમંત્રી જનધન યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧,૮૦,૩૦૨ ખાતાઓ વિવિધ બેંકોમાં ખુલવા પામ્યા છે અને આ ખાતાઓમાં ૭૧ કરોડ ૨૪ લાખથી વધુની રકમ જમા પડેલી છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામીણ વિસ્તારમાં આ યોજના અંતર્ગત ૧,૦૨,૦૦૮ ખાતા અને શહેરી વિસ્તારમાં ૭૮,૨૯૪ બેંક ખાતા ખુલવા પામ્યા છે. આ ખાતાઓ પૈકી ૧,૨૫,૨૧૭ બેંક ખાતાઓ આધાર કાર્ડ સાથે લીંક કરી દેવામાં આવ્યા છે. આ ખાતા ધારકો પૈકી ૧,૩૪,૮૩૬ ખાતાધારકો રૂપે કાર્ડ પણ ધરાવે છે જ્યારે તમામ ખાતા ધારકો પાસે બેંકની પાસબુક છે.

# ફી નિયમનના મુદ્દે શાળા સંચાલકો ઐસી તૈસી કરતા હોવાનો ગણગણાટ

## શાળામાં ફી નિયમનના યોગ્ય અમલ માટે જરૂરી વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગણી વિદ્યાર્થીઓના હિતને ધ્યાને લઇ વાલીઓ પણ મોં ખોલતા ગભરાતા હોવાનો સુર

ગાંધીનગર તા ૭

ગાંધીનગરની શાળાઓમાં જ ફી વધારે લેવાતી હોવાનો ગણગણાટ વાલીઓમાં પ્રવર્તયો છે. શાળાઓ દ્વારા ફી વધારે ન લેવાના નિયમનો અમલ ન થતો હોવાનો રોષ પ્રબળ બન્યો છે. શાળા સંચાલકોએ ફી નિયમનની વાતની ઐસી તૈસી કરી દીધી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આવા સંજોગોમાં ફી નિયમનનો યોગ્ય અમલ થાય તે મુજબની વ્યવસ્થા ગોઠવાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં વિદ્યાર્થીઓને ભાર વિનાનુ ભણતર નસીબ થતુ નથી. જયારે ફી વધારાના ભારણ વચ્ચે વાલીઓ પણ પીસાય રહયા છે. હાઈટેક બનતી શિક્ષણ પ્રણાલી વચ્ચે વિદ્યાર્થીઓ તણાવયુકત જીવનશૈલી તરફ આગળ વધી રહયા હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. જયારે શાળાઓમાં અત્યાર સુધી બેફામ ફી વસુલાતી હોવાની અનેક ફરિયાદોના અંતે ફી નિયમન અમલમાં મુકાયુ છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિયત દરની ફી વસુલવા માટે જ હાઈકોર્ટે આદેશ કર્યો છે. જો કે હાઈકોર્ટના આદેશ બાદ પણ ફી વધારો હજુ પણ અસ્તિત્વ ધરાવતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સ્થાનિક શાળાઓમાં વધારે ફી વસુલવામાં આવતી હોવાના મુદ્દે શિક્ષણવિદો સહીત ભદ્ર સમાજના સભ્યોનુ મોં હજુ વંકાયેલુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવનો પ્રારંભ





મુખ્યમંત્રી રૂપાણી, રાજ્યપાલ કોહલી ઉપસ્થિત રહ્યા : ૧૪મી જાન્યુઆરી સુધી પતંગોત્સવ ચાલશે : ૪૪ દેશોના પતંગબાજો જોડાયા

અમદાવાદ, તા.૭

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો રાહ જોઈ રહ્યા હતા તે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની આજે પરંપરાગતરીતે શરૂઆત થઈ હતી. આ વખતે સાતમી જાન્યુઆરીના દિવસે આની શરૂઆત થયા બાદ ૧૪મી જાન્યુઆરી સુધી ચાલશે. ૧૪મી જાન્યુઆરી સુધી ચાલનાર આ પતંગ ઉત્સવમાં જુદા જુદા દેશોના પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. રાજ્યપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પતંગ ઉત્સવની રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત કરાવી હતી. ૪૪ દેશોના ૧૫૦ પતંગબાજો આમા ભાગ લઈ રહ્યા છે. રાજયપાલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, પતંગ મનુષ્યને આગળ વધવાની સાથે સાથે નવી ઉંચાઈઓ અને પ્રગતિ સર કરવાનો સંદેશ આપે છે. ઉત્તરાયણનું પર્વ પતંગ ઉત્સવ સામાજિક સમરસતા અને એકતાનું સમાજ પર્વ બન્યું છે તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, નવરાત્રિ અને પતંગ ઉત્સવે ગુજરાતની વૈશ્વિક ઓળખ ઉભી કરી છે. રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીએ કહ્યું હતું કે, પતંગ ઉત્સવ સ્વચ્છ પ્રતિસ્પર્ધાની ઉર્જાનું સંચાર કરે છે. એકતા ધરાવતા આપણા સમાજમાં સૌ સાથે મળીને વિકાસ માટે આપણા ઉત્સવો મહત્વપૂર્ણ બની રહ્યા છે. રાજ્યપાલે એમ પણ કહ્યું હતું કે, ઉત્તરાયણનો આ ઉત્સવ પતંગ, દોરી, સૂર્ય, પવનની જેમ એકમેક થઈને સાથે મળીને સૌને આગળ પતંગની જેમ નવી ઉંચાઈ આંબવાની પ્રેરણા આપે છે. રાજ્યપાલે ઉત્તરાયણ પર્વ અને

● અનુસંધાન પાન-૭ પર

# એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાના કામો પડકારરૂપ

## લાખો ચાલકોના વાહનમાં એચએસઆરપી લગાવવાની છે : આરટીઓ તંત્ર પાસે પૂરતો સ્ટાફ અને સુવિધા નથી

અમદાવાદ,તા.૭

અમદાવાદ શહેર સહિત રાજયભરના વાહનોમાં જૂની નંબર પ્લેટ બદલી હવે હાઈ સીકયોરિટી રજિસ્ટ્રેશન પ્લેટ(એચએસઆરપી) ફરજિયાત લગાવવા માટેની મુદત સરકારે વધારી હોવાછતાં વાહનચાલકોના ભારે ધસારા, અમલવારીની અસમંજસતા અને આ કપરા કાર્યને પહોંચી વળવા આયોજનના અભાવના કારણે એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનું કામ આરટીઓ તંત્ર અને ડીલરો માટે પણ માથાના દુઃખાવા સમાન બન્યુ છે. બીજીબાજુ, વસ્ત્રાલ, મોડાસા સહિતની કેટલીક આરટીઓ કચેરીમાં નંબર પ્લેટ ફીટ કરવાની કામગીરી સાથે સંકળાયેલા ત્રણથી વધુ કર્મચારીઓને પાણીચું પકડાવાતા અને નંબર પ્લેટના કામ સાથે સંકળાયેલા કર્મચારીઓના પગારમાં છેલ્લા ઘણા સમયથી વધારો નહી થતાં ખુદ કર્મચારીઓમાં પણ ઉગ્ર અસંતોષ અને આક્રોશની લાગણી પ્રવર્તી રહી છે. આરટીઓ તંત્ર પાસે પૂરતી માત્રામાં સ્ટાફ કે માણસો જ નથી તો, કેવી રીતે લાખો વાહનચાલકો-નાગરિકોના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ ફીટ કરી શકાશે તે સૌથી મોટો યક્ષપ્રશ્ન છે. સૌથી આઘાતજનક અને ચોંકાવનારી વાત એ છે કે, એકબાજુ લાખો વાહનચાલકોના વાહનમાં એચએસઆરપી લગાવવાની છે તો, બીજીબાજુ, આરટીઓ તંત્ર પાસે પૂરતો સ્ટાફ અને સુવિધા જ નથી. તા.૧૫મી ફેબ્રુઆરી સુધીમાં વાહનોમાં એચએસઆરપી લગાવવાના સરકારના આ તઘલખી ફરમાન અંગે અમદાવાદ મોટર ડ્રાઈવીંગ સ્કૂલ ઓનર્સ એસોસીએશનના મહામંત્રી રમેશભાઈ ગીડવાણીએ જણાવ્યું હતું કે, સરકારના આ નિર્ણયનો વાસ્તવિક કે વ્યવહારૂ અમલ શકય જ જણાતો નથી. કારણ કે, સરકારે તા.૧૫મી ફેબ્રુઆરી સુધીની જે મહેતલ વધારી છે, તેમાં કોઈકાળે એચએસઆરપી લગાવવાનું કામ પૂર્ણ જ થાય તેમ નથી એવું ખુદ આરટીઓ સત્તાવાળાઓ સ્વીકારી રહ્યા છે. અમદાવાદ સહિત રાજયભરમાં અંદાજે દોઢથી બે કરોડથી વધુ વાહનોમાં નંબર પ્લેટ બદલાવાની થાય છે, માત્ર અમદાવાદમાં જ આવા વાહનોનો આંકડો ૪૦થી ૫૦ લાખથી પણ વધુનો થવા જાય છે.

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગર અને
ઈમેજ પબ્લિકેશન, મુંબઈ દ્વારા પ્રસ્તુત
'ત્રિવેણી-સંગમ' ઉત્સવ

ઉપક્રમો : (૧) પુસ્તક-વિમોચન 'મારું શહેર' (વિવિધ વ્યક્તિઓ દ્વારા દેશ-પરદેશના ૪૫ નગરની તાસીર અને તસવીરને આવરતો સંચય), તે પુસ્તક પર પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરનું ઉદ્‌બોધન,
(૨) ખ્યાતનામ ગઝલકાર જનાબ ખલીલ ધનતેજવી દ્વારા કાવ્ય પઠન
(૩) વિવિધ શહેરોની રસપ્રદ વાતોને વણી લેતી નાટ્યાત્મક પ્રસ્તુતી.

નિર્માણ : સંજય ગોરડિયા પ્રોડકશન ● દિગ્દર્શન : વિપુલ મહેતા
કલાકાર : મીનલ પટેલ, ઉત્કર્ષ મઝુમદાર, ચિરાગ વોરા, નમ્રતા પાઠક, મેઘના સોલંકી, પરેશ ભટ્ટ, ખંજન થુંબર
વિશેષ ઉપસ્થિતિ-જાણીતા ફિલ્મી કલાકાર : શ્રી મલ્હાર ઠાકર - 'લવની ભવાઈ' ફેમ
તારીખ : ૮-૦૧-૨૦૧૮ (સોમવાર) ● સમય : રાત્રે ૯-૧૫ કલાકે ● સ્થળ : ટાઉન હોલ, ગાંધીનગર
સભ્યશ્રીઓને નિમંત્રણ મોકલાઈ ગયા છે.
ન મળ્યા હોય તો શ્રી સુખદેવ પટેલનો મો. નં. ૯૯૯૮૮૦૪૯૪ પર સંપર્ક સાધવો.
ઉત્પલ ભાયાણી
ઈમેજ પબ્લિકેશન,
મુંબઈ
રમેશ પટેલ
પ્રમુખ
સંસ્કૃતિ સંસ્થા, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com